## એગ્રીકલ્ચરલ માઈક્રોબાયોલોજી વિભાગ અને બાયોફર્ટીલાઈઝર પ્રોજેક્ટ આણંદ ખાતે " અઝોલા ઉત્પાદન અંગેની એક દિવસીય ખેડૂતતાલીમ"નો કાર્યક્રમ યોજાયો

આદિવાસી ખેડૂતોની વાર્ષિક આવક બમણી કરવા માટે ખેતીની સાથે દૂધ ઉત્પાદન પ્રવૃત્તિને સદગુરૂ ફાઉન્ડેશન જી. દાહોદ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે, ખેતી અને પશુ આહાર માટે અઝોલાનો ઉપયોગ, નિદર્શન, અઝોલા ઉત્પાદનની તાંત્રીકતા પ્રાયોગિક રીતે આપવા માટે એક દિવસીય ખેડૂત તાલીમનું તા ૨૯/૬/૨૦૧૭ ના રોજ એગ્રીકલ્ચરલ માઈક્રોબાયોલોજી અને બાયોફર્ટીલાઈઝર વિભાગમાં કરવામાં આવ્યું.

આ તાલીમમાં દાહોદ જીલ્લાના ૩૦ ભાઈઓ અને ૨૨ બહેનો એમ કુલ ૫૨ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો. તાલીમનું ઉદ્ઘાટન ડૉ .અરૂણભાઈ પટેલ ,વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી તથા ડૉ .કિશોરભાઈ પી. પટેલ આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષશ્રી દ્વારા કરવામાં આવ્યું અને તેઓશ્રી દ્વારા ખેડૂતોને પ્રેરણાદાયી વકતવ્ય આપવામાં આવ્યું.

આ તાલીમમાં ડૉ.આર.વી.વ્યાસ, શ્રીમતી એચ.એન.શેલત ,ડૉ.વાય.કે.ઝાલા અને ડૉ.આર.જે.મોદી. જેવા વૈજ્ઞાનિકો દ્વારા અઝોલા તથા પ્રવાહી જૈવિક ખાતરો સાથે પશુપાલન અંગેની વૈજ્ઞાનિક માહિતી આપવામાં આવી સંચાલન કાર્યક્રમનું શ્રીમતી હેતલબેન વ્યાસે કરેલ. ભારત સરકારના કૃષિ અને સહકાર વિભાગના એડીશનલ કમિશ્નર, વિસ્તરણ, ડૉ. આર.વી.મીના. આકૃયુ ખાતે મુલાકાતે આવેલા તેઓએ પણ ખેડૂતો સાથે ચર્ચા કરી તેમજ જૈવિક ખાતરના પ્લાન્ટની મુલાકાત લીધેલ.




કૃષિ સૂક્ષ્મજીવાણુંશાસ્ત્ર વિભાગ
જૈવિક ખાતર
વેચાણ કેન્દ્ર







